# અરવલ્લીમાં વધુ એક સ્ટુડન્ટ્સ યુનિયન સક્રિય

## એસએફઆઈ 'ગુજરાત રિજેક્ટ્સ રેપ કલ્ચર'ના બેનર સાથે હાથરસ બનાવની ન્યાયિક માંગ

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લામાં વિદ્યાર્થીઓને થતા અન્યાય સામે લડત આપવા ભાજપની વિદ્યાર્થી પાંખ એબીવીપી અને કોંગ્રેસની એનએસયુઆઈ સક્રીય હતા ત્યારે જીલ્લામાં વધુ એક વિદ્યાર્થી સંગઠન સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા મેદાને આવ્યું હોય તેમ 'ગુજરાત રિજેક્ટ્સ રેપ કલ્ચર' ના બેનર હેઠળ મોડાસા શહેરમાં બેનર સાથે હાથરસમાં બનેલી દુર્ઘટના અને સ્ત્રીઓ સામે થઈ રહેલ અત્યાચાર અને અન્યાય નાબૂદ કરવાની માંગ સાથે ચાર રસ્તા પર દેખાવો યોજી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.



મોડાસા શહેરમાં સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાની અરવલ્લી જીલ્લાના શાખાના વિદ્યાર્થીઓએ 'ન્યાય છે અમારો અધિકાર અને સાંભળી લે બહેરી સરકાર' ના બેનર સાથે મોડાસા શહેરમાં રેલી યોજી ચાર રસ્તા પર સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરી જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું ચાર રસ્તા પર વિરોધ પ્રદર્શનથી ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળ્યા હતા.



એસ.એફ.આઈ. એ જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે હાથરસ કાંડના આરોપીઓને કડક સજા કરવામાં આવે, નિર્ભયા ફંડનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે મહિલા શસક્તિકરણ માટે તાલીમ અને શિબિરનું આયોજન કરવામાં આવે, 'બેટી બચાવો બેટી પઢાવો' ફંડ જાહેરાત પૂરતો સીમિત ન રહે અને ફંડનું જમીની સ્તરે ઉપયોગ થાય ગામડે ગામડે વીમેન સેન્ટર અને મહિલા અને યુવતીઓને સેનેટરી પેડ મફત પુરા પાડવામાં આવેની માંગ કરી હતી, આગામી સમયમાં વધુ જલદ આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

# મોડાસા શહેરમાં કન્ટેન્ટમેન્ટ વિસ્તારના નામે દેખાડો..!!

## ઋષિકેશ સોસાયટીમાં ફક્ત બેરિકેડ અને બેનર લગાવ્યા, અન્ય કોઈ સુવિધા નહિ

મોડાસા, તા. ૨૯

રાજ્યમાં કોરોનાના કેસમાં ઘટાડો થઈ રહ્યો છે, બીજીબાજુ અરવલ્લી જીલ્લામાં સતત કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં વકરતા જતા કોરોના સંક્રમણને પગલે તંત્ર સતત દોડધામ કરી રહ્યું છે. તંત્ર અને અધિકારીઓ વિવિધ સપથ લેવામાં વ્યસ્ત રહેતા હોય તેમ કોરોના સંક્રમણ અટકાવવા કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કર્યા બાદ અધિકારીઓ કન્ટેન્ટમેન્ટ એરિયાની મુલાકાત લેવાનું ભૂલી ગયા હોય તેમ કન્ટેન્ટમેન્ટ એરિયામાં અનેક પ્રકારની લાલીયાવાડી જોવા મળી રહી છે. મોડાસા શહેરની ઋષિકેશ સોસાયટીમાં કોરોનાગ્રસ્ત વિસ્તારને કન્ટેન્ટમેન્ટ જાહેરના બોર્ડ તો તંત્રએ લગાવી દીધા બાદ સરકારી ગાઈડલાઈન મુજબ અન્ય કોઈ સુવિધા ઉપલબદ્ધ ન કરાવતા કન્ટેન્ટમેન્ટ એરિયામાં બે રોક-ટોક અવર-જવર યથાવત રહેતા આગામી સમયમાં કોરોના બોમ્બ વિસ્ફોટ થાય તો નવાઈ નહિ. આરોગ્ય તંત્ર સર્વેની કામગીરી હાથ ધરી છે, એક બાજુ કોરોના પોઝીટીવ દર્દીઓના નામ જાહેર ન થતા સ્થાનિક નાગરિકો અવઢવમાં મુકાયા છે.




મોડાસા શહેરમાં કન્ટેન્ટમેન્ટ એરિયાના નામે ફક્ત દેખાડો કરવામાં આવતો હોવાની અનેકવાર બૂમો ઉઠી છે ત્યારે મોડાસા શહેરની ઋષિકેશ સોસાયટીમાં શંકાસ્પદ કોરોનામાં ત્રણ લોકોના મોત થઈ ચુક્યા છે. ઋષિકેશ, કૃષ્ણનગર સોસાયટીમાં કોરોનાના અજગરી ભરડામાં સપડાયો હોય તેમ વધુ એક આધેડ વ્યક્તિ કોરોનાગ્રસ્ત થતા તંત્ર કોરોના સંક્રમણ અટકાવવા કન્ટેન્ટમેન્ટ કરી બેરિકેડ તો લગાવી દઈ સંતોષ માની રહ્યું છે, કન્ટેન્ટમેન્ટ એરિયામાં નગરપાલિકા અને પોલીસતંત્ર પણ જવાબદારી ભૂલી ગયું હોય તેમ સરકારી ગાઈડલાઈન મુજબ કોઈ સુવિધા ઉપલબદ્ધ ન કરાવતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

અરવલ્લી જીલ્લાના સહીત મોડાસા શહેરમાં કોરોનાએ અજગરી ભરડો લીધો છે. રોજેરોજ ચિંતાજનક કેસો સામે આવી રહ્યાં છે.

આ ઉપરાંત કોરોના પોઝીટીવ લોકોના નામ આપવામાં આવતા ન હોવાથી પોઝીટીવ કેસોના નામ ન આપવાના કારણે અન્ય વ્યક્તિઓ પોઝીટીવ વ્યક્તિઓના સંપર્કમાં આવ્યા છે કે કેમ તેની ખબર પડતી નથી. આ ઉપરાંત નામ સાથેની માહિતી આપવામાં આવે તો બીજા લોકો કોરોના પોઝીટીવ વ્યક્તિઓના સંપર્કમાં આવવાનું ટાળી શકે છે. રાજ્ય આરોગ્ય વિભાગના કોરોના સંક્રમીત દર્દીઓના આંકડા અને સ્થાનિક આરોગ્ય ખાતાની આંકડાકીય માહિતીની ભૂલભરેલી વિગતો સ્થાનિક સોશિયલ મીડીયામાં વાઈરલ થઈ રહી છે. જો માહિતી ઓનલાઈન જાહેર કરવામાં આવે તો કોરોના પોઝીટીવ દર્દીના સંપર્કમાં આવ્યાની જાણ થાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે.



**કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર સહિત અધિકારીઓએ રાષ્ટ્રીય એકતા દિવસના શપથ**

લોહપુરૂષ સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ-૩૧ ઓક્ટોબરના દિવસને દર વર્ષે રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે મોડાસા કલેક્ટર કચેરી ખાતે અરવલ્લી જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે તથા અધિક કલેક્ટર આર.જે. વલવીની અધ્યક્ષતામાં અન્ય અધિકારીઓએ રાષ્ટ્રીય એકતા દિવસના શપથ લેવામાં આવ્યા હતા. જેમા રાષ્ટ્રની એકતા, અખંડીતા અને સુરક્ષા જાળવી રાખવા માટે સ્વયંને સમર્પિત કરવા માટેના શપથ લેવામાં આવ્યા હતા. જેમાં અધિક નિવાસી અધિક કલેકટર આર.જે. વલવી સહિત અધિકારીઓ અને કલેક્ટર કચેરીના કર્મચારી ગણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસકાંઠા જિલ્લામાં કોરોનાના વધુ ૧૦ કેસ

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ગુરૂવારે કોરોનાના વધુ ૧૦ પોઝેટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૪૧૬એ પહોંચી છે. જયારે કુલ મૃત્યુઆંક ૬૧ પહોંચ્યો છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં બુધવારે કોરોનાના વધુ ૧૦ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જિલ્લાના વેપારી મથક ડીસામાં ૨,પાલનપુરમાં ૨,દાંતીવાડામાં ૧,કાંકરેજ ૩,દીયોદરમાં ૨ કેસ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતુ કે, કુલ ૯૪૨ સેમ્પલમાંથી ૧૦ કેસ પોઝેટિવ આવ્યા હતા. જયારે મૃત્યુઆંક ૬૧ એ પહોંચ્યો છે.

# ધર્માંતર કરનાર આદિવાસી લોકોને અનામતનો લાભ ન આપવા અરવલ્લી કલેક્ટરને આવેદનપત્ર આપતું ગુજરાત પ્રાંત જનજાતિ સુરક્ષા મંચ

રાજ્યમાં ધર્માંતર કરનાર લોકોની સંખ્યા સતત વધી રહી છે જેમાં મુખ્યત્વે હિન્દુ ધર્મ સાથે સંકળાયેલ લોકો ધર્મ પરિવર્તન કરી રહ્યા છે. મુસ્લિમ અને ખ્રિસ્તી સમુદાયના અનુયાયીઓ ધર્મ પરિવર્તન જવલ્લેજ જોવા મળે છે રાજયમાં ધર્મપરિવર્તન એક ગંભીર મુદ્દો બન્યો છે ત્યારે જનજાતિ સુરક્ષા મંચના નેજા હેઠળ ધર્માંતર થયેલ આદિવાસી સમાજના લોકોને અનામતનો લાભ આપવામાં ન આવેની માંગ કરી જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.



અરવલ્લી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી જનજાતિ સુરક્ષા મંચના જિલ્લા સંયોજક સંજયભાઈ ભરાડા, જનજાતિ કલ્યાણ આશ્રમના જિલ્લા અધ્યક્ષ સોનજીભાઈ તરાળ અને વરિષ્ઠ લેખક એવા શ્રદ્ધા જાગરણના ડી.પી. અસારી તેમજ જિલ્લા અને તાલુકાના કાર્યકર્તાઓએ જણાવ્યું હતું કે ધર્મપરિવર્તન કરનાર લોકો અનામતનો લાભ લઈ રહ્યા છે તે તાત્કાલિક ધોરણે બંધ કરવામાં આવે તેવી રજુઆત કરી હતી.

**ધર્મ પરિવર્તન કરવા દલિત અને આદિવાસી સમાજ કેમ મજબુર..!!**

પ્રાપ્ત માહિતી અનુસાર દલિતો અને આદિવાસી સમુદાય પર વધતા જતા અત્યાચારને કારણે હિન્દુમાંથી અન્ય ધર્મનો આંગીકાર કરનારાઓની સંખ્યા વધતી જાય છે. હિન્દુ ધર્મમાં વિકાસની કોઈ તક નથી તેવો અહેસાસ થતો હોવાની સાથે સતત થઈ રહેલા સામાજિક ભેદભાવને કારણે લોકો હિન્દુધર્મનો ત્યાગ કરી રહ્યા છે. મોટા ભાગના દલિતો હિન્દુ ધર્મનો ત્યાગ કરીને બૌદ્ધધર્મનો આંગીકાર કરી રહ્યા છે. જયારે આદિવાસીઓ હિન્દુ સમાજ છોડીને ખ્રિસ્તી ધર્મ અપનાવી રહ્યા છે.

આ પાછળનું એકમાત્ર કારણ એ છે કે ખ્રિસ્તી મિશનરી સારૂ શિક્ષણ પૂરૂ પાડે છે, સ્વાસ્થ્યલક્ષી સેવાઓ આપે છે અને આર્થિક રીતે પગભર થઇ શકાય એવી તક ઊભી કરે છે. આઝાદીના ૭ દાયકા પછી પણ સરકાર દલિતો અને આદિવાસીઓ વચ્ચેનો તફાવત સમાજમાંથી દૂર કરવામાં યોગ્ય રીતે સફળ થઈ નથી. આ ઉપરાંત મૂળભુત જરૂરિયાત પણ આપતી નથી. આ કારણોસર લોકો ધર્મપરિવર્તન કરી રહ્યા છે.

# પાલનપુર પરફેક્ટ રેસીડન્સીમાં આઈપીએલ મેચ પર ક્રીકેટ સટ્ટો રમતા બે સટોડીયા ભાઈ ઝડપાયા

પાલનપુર ડીસા હાઈવે પર આવેલ પરફેક્ટ રેસીડન્સી માં આઈપીએલ ક્રીકેટ મેચ પર સટ્ટો રમતા બે સટોડીયા ભાઈને પોલીસે જડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા અન્ય સટોડીયા ઓમાં ફફડાટ પ્રસરી ગયો છે.

પાલનપુર-ડીસા હાઈવે પર આવેલ પરફેક્ટા રેસીડન્સી માં દિનેશકુમાર દલસુખરામ ઠક્કરનું મકાન આવેલુ છે.જે મકાનને અલ્પેશ ઠક્કર અને કિરણ ઠક્કરે ભાડેથી રાખી તેમાં આઈપીએલની મુંબઈ ઈન્ડીયંસ અને રોયલ ચેલેન્જ બેંગ્લોર વચ્ચે ચાલી રહેલી ક્રીકેટ મેચ પર સટ્ટો રમી-રમાડતા હોવાની એલસીબી પોલીસને બાતમી મળી હતી.

જેથી એલસીબી પી.આઇ હાર્દિકસિંહ પરમારની સુચનાથી સ્ટાફના રમેશભાઈ, રાજેશકુમાર, ઓખાભાઈ,ભરતભાઈએ ૮ પરફેક્ટ રેસીડન્સીમાં રેડ કરી ક્રીકેટ સટ્ટો રમી-રમાડતા અલ્પેશ હરગોવનદાસ ઠક્કર અને કિરણ હરગોવનદાસ ઠક્કરને જડપી લઈ તેમની પાસેથી ક્રીકેટ સટ્ટો રમાડવા માટે વપરાસમાં લેવામાં આવેલ લેપટોપ,મોબાઈલ સહીત રોકડ રકમ મળી કુલ રૂ.૩૭,૮૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા અન્ય સટોડીયા ઓમાં ફફડાટ પ્રસરી ગયો છે.

## પાલનપુર નગરપાલિકાની બેઠકમાં ભ્રષ્ટાચારના આક્ષેપથી ઉત્તેજના

# ભાજપના સભ્યએ ભ્રષ્ટાચારના આક્ષેપ કરતા બેઠકમાં ગરમાવો

પાલનપુર

પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા યોજવામાં આવી હતી.જેમાં ગત સાધારણ સભાના ઠરાવને વંચાણે લેવાના મુદ્દે વગર બહાલી આપવાનું કહેતા ખુદ ભાજપના સભ્ય અમૃતભાઈ જોષીએ ગત સાધારણ સભાના ઠરાવો વંચાણે લેવા જણાવ્યુ હતુ. પરંતુ પ્રમુખ દ્વારા બહુમતીના જોરે



હોબાળો મચ્યો હતો. જેમાં ભાજપના સભ્યએ ભ્રષ્ટાચારના આક્ષેપો કરતા ઉત્તેજના પ્રસરી ગઈહતી.

પાલનપુર નગરપાલિકા ભાજપ શાસિત નગરપાલિકા છે. જેમાં પાલિકાની બુધવારે સાધારણ સભા યોજવામાં આવી હતી. જેમાં જુદા-જુદા પાંચ મુદ્દાઓ લેવામાં આવ્યા હતા.જેમાં મુદ્દાઓની ચર્ચા કર્યા તમામ મુદ્દાઓ સર્વાનું મતે મંજુર કરી દેતા બેઠકમાં હોબાળો મચી ગયો હતો.

દરમિયાન કૉંગેસના સદસ્ય આશાબેન રાવલે પાલિકાના હંગામી કર્મચારીઓ કાયમી કરવા, પાલિકામાં ફાળવાયેલા બોબકટ મશીન, રોડર, કચરો એકત્ર કરવાની ટ્રાઈસીકલો સહિતના સાધનોનું સમાર કામ કરાવી તેને ઉપયોગમાં લેવામાં આવે તેવું સૂચન કર્યું હતું.

રાજ્ય સરકાર દ્વારા આપેલી ગ્રાન્ટમાં મોટાપાયે ભષ્ટાચાર આચરાયો છે. અમૃતભાઈ જોષી (ભાજપ સભ્ય નગરપાલિકા, પાલનપુર)

પાલિકાની સત્તા પર બેઠેલા વ્યક્તિઓ મોટાપાયે ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યો છે.જેથી ગત સાધારણ સભાની બેઠકમાં કરવામાં આવેલા ઠરાવો વંચાણે લઈ ચર્ચા કરવાનું કહ્યુ હતુ.પરંતુ પ્રમુખ દ્વારા ચર્ચા કરવામાં નહી આવે તેવુ કહી ગણતરીની મીનીટોમાં સભા આટોપી લેવામાં આવી હતી.

# પાલનપુરમાં ડીઝાસ્ટર અને ૧૦૮ દ્વારા મોકડ્રીલ યોજાઈ

પાલનપુર ડીઝાસ્ટર વિભાગ અને ૧૦૮ દ્વારા આપત્તી સમયે કેવા પ્રકારની સાવચેતી રાખવી તે અંગે મોકડ્રીલ યોજવામાં આવી હતી.અને મોલના કર્મચારી અને લોકોને માહીતગાર કરવામાં આવ્યા હતા.

બનાસકાંઠામાં અવાર-નવાર આગ સહીતની દુરઘટનાઓ સર્જાતી હોય છે.જેથી આ પ્રકારની ઘટનાઓ સર્જાય તો કેવા પ્રકારે સાવચેતી રાખવી અને કેવી રીતે વધુમાં વધુ લોકોના જીવ બચાવી ઈજાગ્રસ્તોને સરવાર માટે ખસેડી શકાય તેવા ઉદેસથી મોકડ્રીલ યોજવામાં આવી હતી. આ અંગે ૧૦૮ના પાયલોટ કિરણ પરમાર અને ઈએમટી પ્રકાશ તલાટીએ જણાવ્યુ હતુ કે ડીઝાસ્ટર અને ૧૦૮ની ટીમ દ્વારા પાલનપુર - અમદાવાદ હાઈવે પર નવિન બનેલ મોલ ખાતે મોકડ્રીલ અને ૧૦૮ના સાધનોનું પ્રદર્શન રાખવામાં આવ્યુ હતુ.જેમાં મોલના કર્મચારી અને લોકોને પ્રેક્ટીકલ બજાવી તેમજ થીયરી સમજાવી માહીતગાર કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં ડીઝાસ્ટર વિભાગના અધિકારીઓ તેમજ ૧૦૮ના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## દ્વિદિવસીય મુલાકાતે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેશનો સૌ પ્રથમ યુનિટી ગ્લો ગાર્ડન તથા કેકટ્સ ગાર્ડનની મુલાકાત લઈ તેનું લોકાર્પણ કરશે. એટલું જ નહીં, સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક બાંધવામાં આવેલ જેટ્ટી પરથી શ્રેષ્ઠ ભારત ભવન પાસેની જેટ્ટી સુધીની ૪૦ મિનીટની રાઈડમાં બેસતા પહેલાં વડાપ્રધાનશ્રી અન્ય ૯ પ્રોજેકટના લોકાર્પણની તકતીનું અનાવરણ કરશે કે જેમાં જેટ્ટી અને બોટીંગ (એકતા ક્રૂઝ), નેવીગેશન ચેનલ, નવો ગોરા બ્રીજ, ગરૂડેશ્વર વિયર, એકતા નર્સરી, ખલવાણી ઈકો ટુરિઝમ, સરકારી વસાહતો, બસ બે ટર્મિનસ તથા હોમ સ્ટે જેવા પ્રોજેકટનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીશ્રી ૪ નવા પ્રોજેકટ એટલે કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરિઝમ ગવર્નન્સ ઓથોરિટીના વહીવટી ભવન, સરકારી વસાહતો, જીઈ ક્વાટર્સ તથા કેવડિયાની આજુબાજુ પાંચ ગામોના અસરગ્રસ્તોને વસાવવા માટે તમામ પાયાની સુવિધાઓ સાથેની ૪૦૦ મકાનની આદર્શ ગામ વસાહતનો શિલાયન્સ પણ કરશે.

કેવડિયા હવે એક અબજ લાઈટોથી ઝળહળી રહ્યું છે ત્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટીના આસપાસના લગભગ ૨૫ ચો.કિ.મી. વિસ્તારમાં કાયમી ધોરણે સજાવવામાં આવેલ ડેકોરેટિવ લાઈટીંગ તથા સરદાર સરોવર ડેમ માટેની ખાસ ડિઝાઈન કરાયેલ ડેકોરેટિવ લાઈટીંગનું પણ વડાપ્રધાનશ્રી ઉદ્દ્ઘાટન કરશે. તારીખ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ સવારે રાષ્ટ્રીય એક્તા પરેડમાં ઉપસ્થિત થતા અગાઉ વડાપ્રધાનશ્રી આરોગ્ય વનની મુલાકાત લેશે. આરોગ્ય વન એ વિશિષ્ટ પ્રકારનું ગાર્ડન છે.

જેમાં માનવ શરીર અને ચેતનાનું સાતત્ય જળવાઈ રહે તે પ્રકારની ખાસ ડિઝાઈન કરવામાં આવેલી છે. વડાપ્રધાનશ્રી દેશમાં સૌ પ્રથમ એવા સી-પ્લેન દ્વારા કેવડિયાથી અમદાવાદ પ્રસ્થાન કરવા માટેના તળાવ નં.૩ના વોટર ડ્રોમનું ઉદ્દ્ઘાટન સરદાર પટેલ જન્મજયંતિએ કરશે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, સ્ટેચ્યુ ઓફ યુનિટીની આજુબાજુ પ્રવાસીઓ માટે આકર્ષણ સમાન પ્રોજેકટને ખાસ "મિશન મોડલ્લથી રેકર્ડ સમયમાં દિવસ-રાત કામ કરી પૂર્ણ કરવામાં આવેલું છે અને સ્થાનિક વિસ્તારના યુવાનો અને મહિલાઓ સહિત ૩૦૦૦ કુટુંબને રોજગારીની તકો ઉભી થઈ છે. કેવડિયા સંકલિત વિકાસ હેઠળ સ્ટેચ્યુ ઓફ યુનિટીની આજુબાજુ ૧૦૦ કિ.મી.ની ત્રિજયામાં ખાસ કરીને આદિવાસી વિસ્તારને પરોક્ષ રીતે સને ૨૦૨૦-૨૨ દરમિયાન અંદાજી રૂા.૯૦૦૦/- કરોડનો લાભ થશે.

## 'બાપા'ની વિદાય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેશુભાઈ પટેલનો કોરોના રિપોર્ટ પોઝિટવ આવ્યા બાદ મુખ્યમંત્રી રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીએ પણ તેમના ખબર અંતર પૂછ્યા હતા. મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં કેશુભાઈ પટેલે ગોકુળિયું ગામ યોજના શરૂ કરી હતી. આ યોજના પાછળનો ઉદેશ્ય ગામડાઓમાં પણ શહેર જેવી સુવિધા ઊભી કરવાનો હતો. આ યોજનાની ખૂબ જ પ્રશંસા કરવામાં આવી હતી. આ ઉપરાંત ભૂકંપ વખતે પણ તેમણે ખૂબ જ સારી એવી કામગીરી કરી હતી. કેશુભાઈ પટેલ વર્ષ ૧૯૯૫ અને વર્ષ ૧૯૯૮થી ૨૦૦૧ સુધી એમ બે વખત ગુજરાતના મુખ્યમંત્રી પદે રહી ચુક્યા છે.

આ ઉપરાંત કેશુભાઈ પટેલ છ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. ૧૯૪૫માં કેશુભાઈ પટેલ પ્રચારક તરીકે રાષ્ટ્રીય સ્વયંમસેવક સંઘમાં જોડાયા હતા. ૧૯૮૦માં તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. ચોથી ઓગસ્ટ ૨૦૧૨ના રોજ કેશુભાઈ પટેલે ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ૅ એટલે કે 'ગુજરાત પરિવર્તન પાર્ટી' નામે એક નવો રાજકીય પક્ષ સ્થાપ્યો હતો અને ભાજપમાંથી રાજીનામું આપ્યું હતું. જોકે, જાન્યુઆરી ૨૦૧૪માં તેમણે ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રમુખ પદેથી રાજીનામું ધરી દીધું હતું. જે બાદમાં જીપીપી પાર્ટીનું ભાજપામાં વિલિનીકરણ થયું હતું. ૨૦૧૪માં જ કેશુભાઈએ ખરાબ તબીયતને પગલે ધારાસભ્ય તરીકે રાજીનામું ધરી દીધું હતું.

## ૨૬ને ડિસ્ચાર્જ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૧૬માં રહેતા અને સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગમાં ફરજો બજાવતા ૩૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કર્મયોગીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં ૨૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. શહેરમાં ૧૬૦થી વધુ દર્દીઓ હોમ આઈસો-લેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં કેસ વધતાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા વધી રહી છે. ૧૫ હજારથી વધુ લોકો હાલ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

## ટ્રાફિક જામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્પર્શતા પરિબળો જોખમાયા છે. આ વિસ્તારમાં હાલ રોજબરોજ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. વધુમાં બ્રિજ નિર્માણની કામગીરી પણ પુરજોશમાં ચાલતી હોવાના લીધે ભારે વાહનોની અવરજવર પણ વિશેષ જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે સ્થળ પર પર્યાપ્ત પોલીસ બન્દોબસ્ત પણ ન હોવાથી ટ્રાફિકને લગતી સમસ્યા સ્થાનિકો માટે શિરદર્દ સમાન બની છે. સરગાસણ ચોકડી પાસે આમ પણ ટ્રાફિક વધુ રહે છે. જયારે ડાયવર્ઝનના લીધે ટ્રાફિકને યોગ્ય દિશા મળવામાં પણ સમય લાગતા ચક્કાજામ જોવા મળે છે. આ વિસ્તારમાં બ્રિજ નિર્માણની કામગીરીને અનુલક્ષીને આગામી ત્રણ મહીના સુધી ડાયવર્ઝન રહેશે જયારે લાંબા સમય સુધી ડાયવર્ઝન રહેવાનુ હોવાથી સ્થળ પર ટ્રાફિકની સમસ્યાને ડામવા માટે ટ્રાફિક પોલીસનો બન્દોબસ્ત પણ ગોઠવાય તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ચિલોડા સરખેજ હાઈવેને અપગ્રેડ કરવાના પ્રોજેકટ અન્વયે આ રૂટમાં સાત જેટલા ઓવરબ્રિજનુ કામ હાથ ધરવામાં આવશે. જયારે આ બ્રિજની કામગીરીને અનુલક્ષી પુરજોશમાં કામ ચાલી રહ્યુ છે. ઉવારસદ બ્રિજ આગામી નજીકના દિવસોમાં તૈયાર કરી દેવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. જો કે બ્રિજ નિર્માણના અંતે આ વિસ્તારમાં ટ્રાફિકની અવરજવર સરળ બનશે.

## રોપાની વાવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના મુખ્યમાર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ બોગનવેલ સહીતના રોપાઓની વાવણી કરવામાં આવે છે. વનતંત્ર દ્વારા જુના અને નવા સચિવાલય વચ્ચેના માર્ગ આસપાસ નવા ટર્મિલીયાના રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. જેના ઉછેરના અંતે નવા રંગના ફુલોથી આ માર્ગ નિખરી ઉઠશે. હરિયાળીથી ઘેરાયેલા નગરને અગાઉ ફુલોની નગરી બનાવાની યોજના પણ ઘડવામાં આવી હતી ત્યારે શહેરના મુખ્યમાર્ગો પર કલરકોડ પ્રમાણે નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. બીજીતરફ ખુલ્લી જગ્યામાં પણ અવનવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. હાલ જુના અને નવા સચિવાલયને જોડતા માર્ગને અનુલક્ષી નવુ વાવેતર કરવામાં આવી રહ્યુ છે.

## વધુ ૧૭ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસા તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે જેમાં ત્રણ ગ્રામ્ય વિસ્તારમાંથી અન એક કેસ અર્બન વિસ્તારમાંથી મળેલ છે. ચરાડા ગામેથી ૭૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ચડાસણા ગામેથી ૪૫ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. વરસોડા ગામેથી ૮૩ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. માણસા અર્બનમાંથી ૫૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કલોલ તાલુકાના નારદીપુર ગામમાં કોરોનાએ પુનઃ દેખા દીધી છે. આજે નારદીપુરમાંથી મજૂરીકામ કરતા ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.